પહેલીથી મહિલા સશક્તિકરણ પખવાડિયાનું આયોજન કરાયું

હવે મુખ્ય સચિવના નેતૃત્વ હેઠળ સશક્તિકરણ પખવાડિયા ઉજવણીની મહત્વની બેઠક મળી : વિવિધ મુદ્દા પર ચર્ચા

ગાંધીનગર,તા. ૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર મહિલાઓન ાવિકાસની વિશેષ ચિંતા કરી નારી શક્તિના સામર્થ્યને વિકાસમાં જોડવા માટે મહિલા સશક્તિકરણ અભિયાન હાથ ધર્યું છે. તદ્અનુસાર રાજ્ય સરકાર દ્વારા પહેલીથી ૧૪મી ઓગસ્ટ દરમિયાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય સચિવ જીઆર અલોરિયાના અધ્યક્ષસ્થાને મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં માર્ગદર્શન આપતા મુખ્ય સચિવે જણાવ્યું હતું કે, મહિલા સશક્તિકરણ દ્વારા રાજ્યના વિકાસને એક નવી જ ઉર્જા મળે છે અને ગતિશીલ ગુજરાતની વિકાસાભિમુખ ગતિ વધારે તેજ બની છે. મહિલા સશક્તિકરણ પખવાડિયાને અર્થપૂર્ણ અને સફળ બનાવીને તેનો વ્યાપ વધારીને ગ્રામીણ અને શહેરી વિસ્તારોની તમામ મહિલાઓને આવરી લેવા માટે મુખ્ય સચિવે અનુરોધ કર્યો હતો. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અગ્રસચિવ અનુરાધા મલ્લે મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવણીની ભૂમિકા આપતા જણાવ્યું હતું કે, આ પખવાડિયા દરમિયાન દરેક દિવસને એક અલગ જ દિવસ તરીકે જુદા જુદા વિષય વસ્તુ સાથે ઉજવણી કરવામાં આવનાર ચે. ઉપરાંત નારી શક્તિની હાથ બનાવટની રાખડીઓના વેચાણ માટે રાખી મેળાનું પણ સફળ આયોજન કરવામાં આવનાર છે. પખવાડિયા દરમિયાન મહિલા સશક્તિકરણ , બેટી બચાવો, બેટી વધાવો, મહિલા સ્વાવલંબન, મહિલા નેતૃત્વ દિવસ, આરોગ્ય દિવસ, (સ્વચ્છતા દિવસ) બાળપોષણ જાગૃતિ, નારી શક્તિ ગૌરવ જેવા વિષય વસ્તુ સાથે ખાસ ઉજવણી કરવામાં આવશે. બઠકમાં વરિષ્ઠ સનદી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમયસર પરિણામ જાહેર નહીં થતા ૧૫૦ વિદ્યાર્થી મુશ્કેલીમાં

અમદાવાદ, તા.૮

રાજયમાં સૌથી મોટી યુનિવર્સિટી હોવાનો દાવો કરતી ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમોના પરીણામ જાહેર કરવામાં થથી લાલીયાડીના અનેક કિસ્સાઓ સામે આવે છે. જો કે તાજેતરમાં યુનિવર્સિટી દ્વારા બીએસસીનાં પરીણામ સમસસર જાહેર ન કરવાનાં કારણો અનેક વિદ્યાર્થીઓએ એમએસસીમાં પ્રવેશથી વંચિત રહેવું પડે તેવી સ્થિતી સર્જાવા પામી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં પોસ્ટ ગ્રેજ્યુએશન માટેના અભ્યાસક્રમમાં એડમિશન માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં માસ્ટ ઓફ સાયન્સ વિષયમાં પ્રવેશ માટે ૪ જુલાઈથી પ્રવેશ પક્રિયા હાથ ધરવામાં આવી છે જો કે બીએસસીમાં એક વિષયમાં એટીકેટી હોય તેવા વિદ્યાર્થીઓની લેવાયેલ પરીક્ષાનું પરીણામ હજી સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જેના કારણે બીએસસીમાં એટીકેટીની પરીક્ષા આપનાર વિદ્યાથીઓએ ચાલુ વર્ષે એમએસસીમાં પ્રવેશથી વંચિત રહવું પડે તેવી સ્થિતી સર્જાવવા પામી છે. બીજી બાજુ કોલેજ સંચાલકો પણ આ વિદ્યાર્થીઓનો પ્રવેશ પ્રક્રિયામાં સમાવેશ કરવો કે નહી તે બાબતને લઈ મૂઝવણ ભરી પરિસ્થિતિમાં મુકાઈ જવા પામ્યા છે. ત્યારે યુનિવર્સિટી દ્વારા બીએસસી એટીકેટીની પરીક્ષાના પરીણામ સત્યરે જાહેર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

આગામી પાંચ દિવસમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૮

બંગાળની ખાડીમાં ઉત્તર દિશામાં અર્જાયેલા લો પ્રેશર ઉપરાંત પૂર્વ પાકિસ્તાન તથા તેની આસપાસના વિસ્તારમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયુ હોવાથી અગામી બે-ત્રણ દિવસમાં જ ગુજરાત ફરી એક વાર ઘસમસતી મેઘ સવારી આવી પહોચશે, છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલો અસહ્ય બફારો અને ઉકળાટથી લોકોને રાહત મળશે.

જૂનના અંતિમ સપ્તાહમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અનરાધાર પાણી વરસાવી એકાદ પખવાડિયાથી ગાયબ થઈ ગયેલા મેઘરાજ હવે ગુજરાતમાં ફરી પધરામણી કરશે તેવા સંકેતો મળી રહ્યા છે. ગઈકાલે સાંજે બંગાળની ખાડીમાં ઉદભવેલુ લો પ્રેશર અગામી ૨૪ કલાકમાં વધુ મજબૂત બની ગુજરાત ઉપર વરસાદી વાદળોનો જમાવટો કરશે. જેના પરિણામે વરસાદનો વધુ એક રાઉન્ડ ગુજરાત સહિત દેશના વિવિધ રાજયોમાં શરૂ થશે તેમ હવામાન વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. છેલ્લા એકાદ સપ્તાહથી હિમાચલની તળેટીમાં મોનસૂન ટ્રફના છેવાડાનો ભાગ પડ્યો હતો તે આગળ વધી રહ્યો છે. મોનસૂન ટ્રફ હિમાલયની તળેટીમાંથી નીચે ઉતરી રહ્યું છે અને ચોમાસુ નવેસરથી સક્રિય બને તેમ જણાઈ રહ્યું છે. હવામાન ખાતાના તજજ્ઞોના કહેવા મુજબ આવતીકાલથી ઉતરપ્રદેશ, બિહાર, ઝારખંડ સહિત દેશના વિસ્તારોમાં ભારે વરસાદ થશે અને ક્રમશઃ તે આગળ વધતો જશે.

બંગાળની ખાડીમાં ઉત્તર દિશામાં સર્જાયેલા લો-પ્રેશરની અસરના ભાગ તા. ૧૧ આસપાસ ગુજરાતમાં મેઘરાજાનું પુનરાગમન થાય અને વરસાદનો એક વધુ રાઉન્ડ થાય તેવી પ્રબળ સંભાવના ઉભી થઈ છે. બંગાળની ખાડીનું આ લો-પ્રેશર દરિયાની સપાટીથ ૭.૬ કિલોમીટરની ઉચાઈ પર છે. આ ઉપરાંત પૂર્વ પાકિસ્તાન અને તેની આસપાસના વિસ્તારોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયુ છે.

હવામાન ખાતાની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ વાતાવરણમાં આવેલા આ પલટાના કારણ દીવ-દમણ અને દાદરાનગર હવેલી અને ગુજરાતના અમુક વિસ્તારોમાં આગામી બે-ત્રણ દિવસથી હળવાથી મધ્યમ ઝાપટાની અને સૌરાષ્ટ્ર-કચ્છમાં અમુક સ્થળોએ સમીછાંટણાથી માંડી સામાન્ય ઝાપટાંની સંભાવના છે. દરમિયાન આજ સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. કારણે વાતાવરણમાં ગરમીનું જોર ઘટી ગયું છે. જો કે હજુ બફારો યથાવત છે અને આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું છે. જેના કારણે વધુ વરસાદ પડે તેવી સંભાવના ઉભી થઈ છે. ફરીથી અમદાવાદમાં ઝાપટા પડ્યા હતા.

પેઈન્ટ ઉદ્યોગમાં શ્રેષ્ઠ યોગદાન બદલ મધુકર શાહનું સન્માન

અમદાવાદ ખાતે ઈસ્પા ગુજરાતની વાર્ષિક સભા હોટલ એસ્ટીન, એસ.યુ. હાઈવે ખાતે યોજાઈ હતી. જેમાં દેશભરમાંથી લઘુથી મધ્યમ કક્ષાના પેઈન્ટ ઉત્પાદકો, ઈસ્પાના સભ્યો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રંગ ઉદ્યોગક્ષેત્રની સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત રિજીયનના પ્રથમ અધ્યક્ષ અને ઈસ્પાના પૂર્વ પ્રમુખશ્રી મધુકર શાહનું પ્રમુખપદે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ અને ૨૫ વર્ષ સુધી ઈસ્પાની પ્રવૃત્તિમાં સક્રિય રસ લઈને યોગ્ય રજુઆતો કરવા બદલ શ્રી મધુકર શાહનું મેયર શ્રીમતી મિનાક્ષીબેન પટેલના હસ્તે સન્માન કરાયું હતું.

વિદ્યાર્થી પાસ કાઉન્ટર પર પડતી દુવિધાને સુવિધામાં ફેરવવા એન.એસ.યુ.આઈ. દ્વારા રજુઆત

એસ.ટી. ડેપોમાં પાસ કાઉન્ટર પર વિદ્યાર્થીઓને પડતી હાલાકી : બે થી ત્રણ કલાક સમય પાસ કાઉન્ટર પર પસાર કરવો પડે છે

ગાંધીનગર, તા. ૮

શાળા કોલેજો શરૂ થતા વિદ્યાર્થીઓને બસ પાસ કઢાવવા ખુબજ હાડમારી વેઠવી પડતી હોય છે. વિદ્યાર્થીઓને અભ્યાસનો સમય બગાડી પાસ કઢાવવા લાંબી લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે. ત્યારે આજે એનએસયુઆઈ દ્વારા પાસ કાઉન્ટરમાં વધારો કરી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો અંત લાવવા રજૂઆત કરવામાં આવી હતી.

ગાંધીનગર શિક્ષણની નગરી હોવાના નાતે અહિંયા દૂર દૂરથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે. જિલ્લાના ચારેય તાલુકા, દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગરના વિદ્યાર્થીઓ બસમાં મુસાફરી કરી અભ્યાસઅર્થે આવે છે. ત્યારે વિદ્યાર્થીઓને બસ પાસમાં કન્સેશન આપવામાં પણ આવે છે.

બસ પાસમાં કન્સેશન આપવામાં આવતું હોવાથી વિદ્યાર્થીઓ બસ પાસ કઢાવતા હોય છે. પરંતુ વિદ્યાર્થીઓને પાસ કઢાવવા માટે નાકે દમ આવી રહ્યો છે. ગાંધીનગર એસ.ટી. ડેપોમાં વિદ્યાર્થી પાસ કાઉન્ટર ઉપર ૨ થી ૩ કલાક જેટલો સમય પસાર કર્યા બાદ પાસ હાથમાં આવે છે.

તેમનો પાસ ફોર્મમાં ક્ષતિ જણાય તો પુનઃ ૨ થી ૩ કલાક લાઈનમાં ઉભા રહેવું પડે છે. ત્યારે વિદ્યાર્થીઓને પડતી હાડમારીઓ દૂર કરવા માટે આજે ગાંધીનગર એસ.ટી. ડેપો મેનેજરને એન.એસ.યુ.આઈ. દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

એન.એસ.યુ.આઈ.ના અંકિત બારોટે વિદ્યાર્થીઓ માટે વધારે પાસ કાઉન્ટર શરૂ કરવા તેમજ પુરતો સ્ટાફ ફાળવી દુવિધાને સુવિધામાં ફેરવવા રજુઆત કરી હતી. જેમાં વેલ્ફર મેમ્બર વિરેન્દ્રસિંહ ગોહિલ સહિત એન.એસ.યુ.આઈ.ના આગેવાનો જોડાયા હતા.

ગુજરાતમાં વાયબ્રન્ટના નામે વ્યાપમ કરતા મોટી છેતરપિંડી : શંકરસિંહ

ખૂન, લૂંટ, ખંડણી, ધાકધમકી, અપહરણ જેવી ઘટના રોજીંદી હવે બની ગઈ છે : મેટ્રો રેલ અને સુજલામ સુફલામમાં કરોડોનો ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

ગાંધીનગર,તા. ૮

ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે જોરદાર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. તમામ મુદ્દાઓ ઉપર રાજ્ય અને કેન્દ્ર સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. પત્રકાર પરિષદમાં વાઘેલાએ આક્ષેપ કર્યો હતો કે, રાજ્યની પ્રજા ભય અને દહેશતના માહોલમાં જીવી રહી છે. ખૂન, લૂંટ, ખંડણી, હત્યા, ધાકધમકી, અપહરણ જેવી ઘટનાઓ રોજીંદી બની ગઈ છે. વાઘેલાએ સમાજ વિભાજનની રાજનીતિ બંધ કરવા ભાજપને સૂચન કર્યું હતું. નાગરિકોને સીધી અસર કરતી હકીકતો શું અફવા છે તેવો પ્રશ્ન વાઘેલાએ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, મધ્યપ્રદેશમાં વ્યાપમ કરતા પણ મોટી છેતરપિંડી ગુજરાતમાં વાયબ્રન્ટ અને વિકાસના નામે કરવામાં આવેલી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, મેટ્રો રેલમાં કરોડોનો ભ્રષ્ટાચાર થયેલો છે. કેગના અહેવાલમાં સુજલામ સુફલામમાં ગુજરાત સરકારનો ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડી દેવામાં આવ્યો છે. ગુજરાત અને ગુજરાતની છ કરોડ પ્રજાની દશા બેઠી હોય તેવા દિવસો આજે ચાલી રહ્યા છે. ગુજરાતની ભાજપાની સરકારના તાત્કાલીન મુખ્યમંત્રી અને આજના પ્રધાનમંત્રીએ વિકાસ અને વાયબ્રન્ટના નામે વાહિયાત વાતો કરીને પ્રચારના માધ્યમોથી ગુજરાતની પ્રજાને છેહ દીધો છે. મત લેવા માટે આપેલા ચૂંટણીના વચનો વિશ્વાસઘાતમાં ફેરવાઈ ગયા છે. સામાન્ય મતદારો આશા અને અપેક્ષાઓથી જે તે પક્ષને મત આપતા હોય છે. ભાજપને મત આપીને પ્રજા છેતરાઈ હોય તેવી અનુભૂતિ થઈ રહી છે. તેમાંય કાયદો અને વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિએ ગુજરાતમાં માઝા મુકી છે. ગુજરાતની પ્રજા શહેર હોય કે ગામડું, ફફડાટમાં જીવી રહી છે, ત્યારે ભાજપની ગુજરાત સરકાર આ બધા બનાવોને અફવાઓ છે એમ કહીને શાહમૃગી નીતિ અપનાવી રહી છે ત્યારે ફફડાટમાં જીવતા નાગરિકો માટે રક્ષણનું વ્યવસ્થા તંત્ર અસરકારક બનાવવાને બદલે ભાજપ સરકાર કોંગ્રેસ પક્ષ પર કરી રહેલા આક્ષેપ હકીકતમાં ફુંકુંકથરોટને હસે તેવા છે. તેમ એક દિવસ જાગો, અમે તમારા માટે પાંચ વર્ષ જાગીશું જેવા વચનો આપનાર ભાજપ સરકાર ૧૫ વર્ષ કરતા વધુ સમયથી પ્રજાને જગાડી રહી છે ત્યારે ગુજરાતમાં બની રહેલા બનાવો અંગે ભાજપ સરકારનો જવાબ માંગતા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે જ નંદ જ્વેલર્સના શો રુમ પર તેના માલિકને ગંભીરરીતે ઘાયલ કરીને લૂંટ થઈ તે શું અફવા છે.

ઉત્તરવહી ચકાસવામાં છબરડા કરનારાઓની સામે કુણુ વલણ

બાળકોના ભવિષ્યની સાથે ચેડા કરનાર અધ્યાપકોને કડક સજા કરવાના બદલે તંત્ર દ્વારા હાલ બચાવવામાં આવે છે

અમદાવાદ, તા.૮

ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓની ઉત્તરવાહી ચકાસવામાં થતાં ગંભીર છબરડાના અહેવાલો ગત માસે સામે આવ્યા હતા. જો કે આડેધડ ઉત્તરવહીઓ ચકાસીને વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડા કરનાર આ અધ્યાપકોને કડકમાં કડક સજા ફટકારવાની જગ્યાએ યુનિવર્સિટી દ્વારા તેમને છાવરવામાં આવતા હોવાનું ચિત્ર ઉપસી આવત વિદ્યાર્થીઓમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્તરવાહી ચકાસવા માટે અરજી કરી હતી. આ ઉત્તરવહી અવલોકન પ્રક્રિયા દરમિયાન ત્રણ પ્રોફેસરો દ્વારા ઉત્તરવહી ચકાસવામાં છબરડો કરાયો હોવાનું સામે આવતા પ્રત્યેક પ્રોફેસરને ૧૦૦૦ રૂપિયાનાં દંડ ફટકારવામાં આવ્યો હતો. જો કે વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડા કરનાર આ અધ્યાપકોને યુનિવર્સિટી તંત્ર છાવરી રહ્યું હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે. ઉત્તરવહી ચકાસણીમાં એક વાર ભુલ જણાયતો જે તે અધ્યાપકને મારી બે ભુલ જણાય તો એક ભુલ દીઠ ૧૦૦૦ રૂપિયા દંડ અને પાંચ ભુલ જણાય તો તેને કાયમી ધોરણે ઉત્તરવહી તપાસવા ઉપર પ્રતિબંધ લગાવવાની જાહેરાત ખુલ કુલપતીએ કરી હતી. જો કે આ અધ્યાપકોને માત્ર એક-એક હજાર રૂપિયાના દંડ ફટકારી છોડી મુકવામાં આવ્યા છે. જેનાં કારણે વિદ્યાર્થીઓમાં ઉગ્ર નારાજગી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે જુન મહિનામાં યુનિવર્સિટી દ્વારા પરિણામ જાહેર થતાં પોતાના પરિણામની અસંતૃષ્ઠ વિદ્યાર્થીઓએ પોતાની ઉત્તરવહીની કોપી મેળવવા આરટીઆઈ અરજી કરી હતી. આ આરટીઆઈ અરજી બાદ ઉત્તરવહીના અવલોકન દરમિયાન અધ્યાપકોએ ઉત્તરવહી ચકાસણીમાં ગંભીર છબરડાઓ કર્યા હોવાનો ખુલાસો થયો હતો. એક કેસમાં તો અધ્યાપકે ઉત્તરવહી જ તપાસ્યા વગર અંદર માત્ર લીટા કરીને શૂન્ય માર્કસ મૂકી દીધા હોવાના ચોકવાની વિગતો સામે આવી હતી. જ્યારે એક વિદ્યાર્થીની ઉત્તરવહીમાં ૧૪ માર્કસનાં જવાબોજ ચકાસવામાં આવ્યા હતા.

સહયોગ સંકુલમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હાલ ઈ.ધરામાંથી મામલતદાર કચેરીમાં આવવા માટે ફરવુ ખાસુ પડે છે તેમજ મુલાકાતીઓની પરેશાની પણ વધે છે.

મળતી વિગતો પ્રમાણે આગામી દિવસોમાં પંચાયતની ચૂંટણી સહિતની કામગીરીનો ભારે વધારો થવાનો છે તેવા સંજોગોમાં કલેક્ટર કચેરી તેમજ અન્ય કચેરીઓની મુલાકાતીઓ વધતાં કલેક્ટર કચેરીનું કામકાજ ખોરવાઈ જવા પામે છે.

એક તબક્કે એવી પણ વિચારણા કરવામાં આવી છે કે મામલતદાર કચેરી ખાલી થતાં જ અહિ કલેક્ટર કચેરીનો કોર્ટરૂમ બનાવવાની કાર્યવાહી કરવામાં આવશે. છેલ્લા ઘણા સમયથી કોર્ટ કચેરી બનાવવાની વાત જે રીતે ટલ્લે ચડી છે તેનાથી કલેક્ટર ખુબજ નારાજ તંત્ર પર છે.

સમર્થતા કેળવે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આયોજન કરવામાંઆવે તેમજ તે માટે સઘન મોનીટરીંગ વ્યવસ્થાનું તંત્ર બને એટલું જ જરુરી છે. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ થકી સમરસ, સ્વસ્છ, સ્વસ્થ સમાજની દિશામાં આપણે આગળ વધવા માંગીએ છીએ.

આ ચિંતન બેઠકમાં બી.આર.પી., બી.આર.સી., સી.આર.સી., તાલુકા કેળવણી નિરીક્ષકો, ડાયટના પ્રાધ્યાપકો, તાલુકા પ્રા. શિક્ષણાધિકારીઓ અને જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જિલ્લાના નબળા પરિણામને લઈ ગહન ચિંતા કરાઈ હતી આ ઉપરાંત શિક્ષણને વધુ ગુણવત્તાભર બનાવવાની વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી હતી.

ઈ-લોકર ખોલવામાં આવશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હરકતમાં આવ્યુ છે. શિક્ષણ તંત્રમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર જિલ્લાની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને ઈ લોકર ખોલાવવા માટે પ્રાત્સાહિત કરવામાં આવશે. આ માટે આચાર્યોને પણ જરૂરી સુચનાઓ આપવામાં આવી છે. શાળાકક્ષાએ ઈન્ટરનેટના ઉપયોગથી પ્રમાણપત્રો નોંધી દેવામાં આવશે. જેમાં ધોરણ ૧૧ અને ધો ૧૨ના વિદ્યાર્થીઓના ઈ લોકર ખોલવાની પહેલ કરવામાં આવશે.

વાહનોનો ખડકલો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રહેવા પામે છે. મુલાકાતીઓના ધસારાને કારણે મોટી સંખ્યામાં વાહનોનો ખડકલો થાય છે જેના કારણે પાર્કિંગની સમસ્યા વકરી રહી છે. આમ તો ઈન્ફોસીટી કોમ્પ્લેક્ષ પાસે પૂરતા પાર્કિંગની જગ્યા છે પરંતુ આડેધડ પાર્ક કરાયેલા વાહનો તેમજ અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગની બિન ઉપયોગિતા સમસ્યાને ઘેરી બનાવે છે. તેમાં રાત્રિના સમયે ધૂમ બાઈકીંગ કરતા સુપર બાઈકર્સ યુવાનો પરિવાર સહિત ખાણી પીણી માટે આવેલા સહેલાણીઓ માટે ભયનો માહોલ ખડો કરે છે.

ઈન્ફોસીટી સુપરમોલમાં પાર્કિંગની સમસ્યાનું વધુ એક કારણ એ પણ છે કે અહીં સુપરમોલ-૨માં આવેલ અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ તદ્દન બિન ઉપયોગી બની જવા પામ્યું છે. અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગમાં લાઈટસ બંધ હોવાથી અંધકાર છવાયેલો રહે છે જેના કારણે ત્યાં સાફ સફાઈ માટે પણ મુશ્કેલી સર્જાઈ છે. વળી અંધારાના કારણે જોખમરૂપ હોવાથી કોઈ મહિલા તો શું પુરુષ પણ પાર્કિંગમાં જતા વિચાર કરે છે. આ સંજોગોમાં તમામ પાર્કિંગ લોડ ગ્રાઉન્ડ પરના પાર્કિંગ પર આવી જાય છે. જેથી ઓવરલોડ થયેલા પાર્કિંગમાં ઉપરથી આડેધડ વાહનો પાર્ક કરવાની વાહનચાલકોની આદત વધુ મુશ્કેલી સર્જે છે. અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગમાં પૂરતી લાઈટસની વ્યવસ્થા કરી નિયમિત સાફ સફાઈ કરાય તો કોમ્પ્લેક્ષની ઓફિસોના કર્મચારીઓ, દુકાનધારક વેપારીઓ અને નોકરીયાતો વગેરેના આખો દિવસ પડયા રહેતા વાહનો તેમાં સમાઈ જાય અને ગ્રાઉન્ડ ફલોર પર માત્ર મુલાકાતીઓના જ વાહન રહે અને સમસ્યાનું સમાધાન થઈ જાય. સત્વરે અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ લોકઉપયોગી બનાવાય તેવી વેપારીઓ અને કર્મચારીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શિક્ષકોની ઘટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર શિક્ષણની નગરી તરીકે ઉભરી રહયુ છે. નગરમાં શિક્ષણનું સ્તર ઉંચુ હોવાનું મનાય છે. જયારે બહારગામથી શિક્ષણ મેળવવા આવતા વિદ્યાર્થીઓની પણ સંખ્યા વિશેષ છે. શહેરમાં સરકારી શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્ન મંડરાયા છે. અલબત્ત સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારીમાં સતત ઘટાડો થતો હોવાની બાબત પણ શિક્ષણ વિભાગ માટે ચિંતાનો વિષય બની છે. શહેરમાં ડે કેર સ્કુલનો યુગ શરૂ થયા બાદ ખાનગી શાળાઓ તેમજ ટયુશન પધ્ધતિએ ભરડો લેતા નગરનું શિક્ષણ જગત સ્પર્ધાત્મક અભિગમ મજબુત બનવાની સાથે હાઈટેક બની ગયુ છે. જયારે બીજીતરફ જિલ્લાની સરકારી તેમજ ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં અંદાજિત ૧૦૦ જેટલા શિક્ષકોની ઘટ છે. જિલ્લાની વિવિધ શાળાઓમાં ૨૦૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવે છે. જયારે ગત ઓકટોબર તેમજ જુન મહિનામાં નિવૃતિનો દૌર આવ્યા બાદ શિક્ષકોની ઘટનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. શિક્ષકોની ઘટની સમસ્યા નિવારવા શિક્ષણ તંત્ર દ્વારા અગાઉ ભરતી કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યુ હતું. જો કે પરિણામ સુધારાની આશ સાથે શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકો માટે તાલીમ તેમજ ઈજાફો અટકાવવા સુધીના પગલા લેવાય છે. ત્યારે શાળોમાં શિક્ષકોની ઘટ સરભર કરવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

હરિની દષ્ટિ...

લો આ તપેલું... પર્જન્ય યજ્ઞ કરવા લાગો... તપેલુ અડધુ ભરજો..., અતિવૃષ્ટિ ન થાય એનું ધ્યાન રાખવાનું...!!

રાંધેજા વિદ્યાપીઠમાં ત્રિદિવસીય અભિમુખતા શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૮

રાંધેજા સ્થિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ખાતેપ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય અભિમુખતા શિબિર યોજાઈ હતી. વિદ્યાર્થીઓને કોલેજમાં થતી અનેક પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાંઆવ્યા હતા.

ગાંધીનગર પાસેના રાંધેજામાં આવેલ ગૂજરાત વિદ્યાપીઠમાં ત્રિદિવસીય અભિમુખતા શિબિર યોજાઈ હતી. શિબિરમાં કોલેજની પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ અને વિદ્યાપીઠના વિભાગોની માહિતી આપવામાં આવી હતી. શિબિરમાં ડૉ. રાજીવ પટેલ સંસ્થાની કાર્ય કરવાની પદ્ધતિ વિશે માહિતી આપી હતી. તેમજ ખાદી અને વસ્ત્ર વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજણ આપવામાં આવી હતી. પ્રભાત ફેરી, હળવો શ્રમ, રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ, વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસમાં વધારો કરે છે તેમ ડૉ. ભાવેશભાઈએ જણાવ્યું હતું. આ અભિમુખતા શિબિરમાં ડૉ. ઉષાબેન પટેલ, ડૉ. ઝેનમાં કાદરી, ડૉ. સંજય મકવાણા, ડૉ. જયશ્રીબેન, ડૉ. બાદરભાઈ સહિતના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

ખાનગી શાળા વિદ્યાર્થીઓને વધુ હોમવર્ક નહીં આપી શકે

દફતર વજન ઘટાડવા માટે પણ તાકીદ કરાઈ : કડકાઈથી નિયમો અમલી બને તે માટે પણ સૂચના અપાઈ

અમદાવાદ, તા.૮

રાજયમાં ભાર વગરનું ભણતર યોજના અંતર્ગત રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વાર રાજયન દરેક ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને બાળકોને વધારે પડત હોમવર્ક ન આપવામ માટે તાકીદ કરીછે. સાથે ધોરણ પ્રમાણે હોમવર્કનં પ્રમાણ નક્કી કરી તેનો કડકાઈથી અમલ થા તેની તકેદારી રાખવાનુ કામ જિલ્લા શિક્ષણાધીકારીઓને સોપવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી માહિત મુજબ રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને શિક્ષકો તરફથ વધારે પડતુ હોમવર્ક સપાતુ હોવાની અને તેઓન શાળાએ લઈ જવાન દફતનું વજન ગજા બહારનું હોવાની અનેક ફરિયાદો શિક્ષણ વિભાગને મળી છે ત્યારે વિદ્યાર્થીઓને વધુ પડતુ અને કક્ષા કરતા વધુ સમયનું હોમવર્ક આપવામાં આવે તો ત વિદ્યાર્થીઓ માટે બોજારૂપ અને માનસિક વિકાસ રૂંધનાર બની રહે છે.સાથે જ બાળકોની શિક્ષણ પ્રત્યેની રૂચી ઘટે છે. જેનો ધ્યાનમાં રાખીને રાજયના પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ના પેટા નિયમ ૧૨૪ની જોગવાઈ મુજબ જ વિદ્યાર્થીઓને હોમવર્ક આપવા તાકીદ કરી છે. આ ઉપરાંત દફતરનું વધારે પડતુ વજન બાળકો માટે ત્રાસદાયક અને શારીરિક

રીત તકલીફદાયી થતુ હોવાથી બાળકોના દફતરનું વજનતેની શારીરિક ક્ષમતા અનુરૂપનું હોય તેનીવ તકેદારી રાખવા સુચના આપવામાં આવી છે. તેમજ આ પરિપત્રના અમલની દેખરેખ કરવાનું કામ દરેક જિલ્લા શિક્ષણાધીકારીઓ મને સોપવામાં આવ્યું છે.

તમંચા તેમજ કારતૂસ સાથે એકની ધરપકડ

અમદાવાદ શહેરના વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક તમંચા તથા કારતુસ સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. આ શખ્સ મચ્છુમાતાના મંદિર નજીકથી ઝડપાયો હતો. તેની ઓળખ મોહમદ મોહસીન ઉર્ફે પીળો ઈસરાકીલ ઈરમાઈલ અન્સારી (ઉ.વ.૨૯) તરીકે થઈ છે. આ આરોપી પાસેથી તપાસ કરતા એકે દેશી હાથ બનાવટનો તમચો તથા કારતુસ નંગ-૧ મળી આવતા ધરપકડ કરવામાં આવી છે. આ આરોપી ઘણો રીઢો અને માથાભારે છે.